ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના: ૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

બુધવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૪ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785


## જિલ્લાના ક્રાઇમ સમાચાર

### ગોધરાની મસ્જિદ પાસે જુગાર રમાડતા એક ઇસમને પંચમહાલ એલસીબી પોલીસે ઝડપ્યો

**ગોધરા :** પંચબહાલ એલસીબી પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો, ત્યારે બાતમી મળી હતી કે ગોધરા શહેરના કુબા મસ્જિદ પાસે કેટલાક ઈસમો બેસીને આંકફરક-વરલી મટકાનો જુગાર રમી રમાડી રહ્યા છે, જે ચોકક્સ બાતમીના આધારે પોલીસ સ્ટાફ દ્વારા તા. ૧૪ ઓક્ટોબર બપોરે છાપો મારવામાં આવ્યો હતો, જેમાં પોલીસ દ્વારા એક ઈસમને રંગેહાથ કોર્ડન કરીને ઝડપી પાડયો હતો, પકડાયેલા ઇસમને તેનું નામઠામ પૂછતાં તેણે પોતાના નામ લતીફ કરીમ શેખ જણાવ્યું હતું પકડાયેલા ઇસમની અંગજડતી કરતા રોકડ રૂ ૧૭૭૦ મળી આવ્યા હતા, પોલીસે રોકડ અને જુદા જુદા આંકડા લખેલી સ્લીપબુક સહિતનો મુદ્દામાલ કબ્જે લઇને પકડાયેલા ઈસમ સામે ગોધરા શહેર A ડિવિઝન પોલીસમથકે જુગારધારા મુજબ ગુનો નોંધ્યો હતો.

### ગરબાડાના વજેલાવમાં તસ્કરો ત્રાટક્યા, 87000ની મતાની ચોરીથી લોકોમાં ફફડાટ

**દાહોદ :** દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામે એક મકાનમાં તસ્કરોએ પ્રવેશ કરી મકાનમાંથી સોના,ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂા.૮૭,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે. ગરબાડાના વજેલાવ ગામે ભુતવડ ફળિયામાં રહેતાં દલસિંગભાઈ ભારતાભાઈ કોચરાના રહેણાંક મકાનમાં ગત તા.૧૧મી ઓક્ટોમ્બરના રોજ અજાણ્યા ચોર ઈસમોએ મકાનને નિશાન બનાવી મકાનની પાછળના ભાગે આવેલ રસોડાની બારીનું લોક તોડી મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તિજોરીમાંથી રોકડા રૂપીયા ૫૦,૦૦૦, સોનાના પેન્ડલ, ચાંદીનો કંદોરો, ચાંદીનું બ્રેસલેટસ ચાંદીની પાયલ વિગેરે મળી કુલ રૂા.૮૭,૦૦૦ની મત્તાની ચોરી કરી રાત્રીના અંધારાનો લાભ લઈ તસ્કરો નાસી જતાં આ સંબંધે દલસિંગભાઈ ભારતાભાઈ કોચરાએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગોધરાના શહેરા ભાગોળ વિસ્તારમાં બાઈક અડી જવા બાબતે મારામારી

**ગોધરા:** ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તારમાં આવેલ નળિયાવાસમાં રહેતા પૃથ્વી સુરેશભાઈ ભરવાડે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગત ૧૨ ઓક્ટોબર સવારે સાત વાગ્યાના અરસામાં તેઓ ગોધરા શહેરના શહેરા ભાગોળ વિસ્તારમાંથી જઈ રહ્યા હતા, તે વેળાએ ભાવેશ રમેશભાઇ મકવાણા નામના ઈસમે તેઓને પાછળથી બાઈક અડાવી દેતા તેને ભાઈ બાઈક જોઈને ચલાવ તેમ કહ્યું હતું, જેથી ભાવેશ રમેશભાઈ મકવાણા અને મિત કનુભાઇ મકવાણા નામના બંને ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા, જે બાદ બંને ઈસમો અપશબ્દો બોલવા લાગ્યા હતા, જેમાં બંને ઈસમોએ પૃથ્વી ભરવાડ અને રાહુલ ભરવાડને કડા વડે માથાના ભાગે મારીને ઈજાઓ પહોંચાડી હતી, તેમજ ગડદા પાટુંનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી,

### પંચમહાલ જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા રેતી ખનન કરતુ ટ્રેક્ટર અને જેસીબી ઝડપી લેવાયું

**ગોધરા :** પંચમહાલ જિલ્લા ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા બચકા પાસે માટીનું ગેરકાયદેસર ખનન કરતું ટ્રેક્ટર અને જેસીબી મશીન કબ્જે લઇને 40 લાખ ઉપરાંતનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. પંચમહાલ જિલ્લા ખાણખનીજ વિભાગની ટીમ મોડી રાત્રે પેટ્રોલીંગમાં નીકળી હતી, ત્યારે માહિતી મળી હતી કે કાલોલ તાલુકાના બચકા ગામ પાસેથી કેટલાક ઈસમો ગેરકાયદેસર માટીનું ખનન કરી રહ્યા છે, જે માહિતીના આધારે ખાણ ખનીજ વિભાગે તપાસ હાથ ધરતા ઉપરોક્ત સ્થળોએથી એક ટ્રેક્ટર અને એક જેસીબી મશીન સહિત રૂ 40 લાખ ઉપરાંતનો મુદ્દામાલ સીઝ કરી હાલોલ ખાતે મુકવામાં આવ્યો હતો.

### પંચમહાલ જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા રેતી ખનન કરતુ ટ્રેક્ટર અને જેસીબી ઝડપી લેવાયું

**દાહોદ :** દાહોદ તાલુકાના જાલત ગામેથી પસાર થતાં ઈન્દોરથી અમદાવાદ જતાં નેશનલ હાઈવે રોડ પરથી પોલીસે એક પીકઅપ ડાલા ગામેથી વિદેશી દારૂનો કુલ રૂા.૨,૯૧,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૫,૪૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે પોલીસને ચકમો આપી ગાડીનો ચાલક નાસી ગયાંનું જાણવા મળે છે. ગત તા.૧૪મી ઓક્ટોમ્બરના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદના જાલત ગામેથી પસાર થતાં ઈન્દોરથી અમદાવાદ જતાં નેશનલ હાઈવે રોડ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક પીકઅપ ડાલા ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી ત્યારે દુરથી પોલીસને જોઈ ગાડીનો ચાલક સ્થળ પર ગાડી મુકી નાસી જતાં પોલીસે ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૨૧૬૦ કિંમત રૂા.૨,૯૧,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૫,૪૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**દિલ્હીની DRI એજન્સીની MPના GIDCમાં મોટી કાર્યવાહી**

# ડ્રગનો કાળો કારોબાર, દાહોદના બે ઈસમો સહિત 4 પકડાયા

**મેંઘનગર** ફાર્મ કેમ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં 168 કરોડનું 112 કિલો MD મેફ્રોડોન ડ્રગનો જથ્થો ઝડપાયો







(પ્રતિનિધિ ) દાહોદ,તા.15

ગુજરાતના અંકલેશ્વરમાં કરોડો રૂપિયાની એમડી ડ્રગ્સ પકડાયા બાદ મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લાના સરહદે આવેલા જાગવાના મેઘનગર જીઆઈડીસી વિસ્તારમાં દવા બનાવતી કંપનીમાં કેન્દ્ર સરકારની DRI ની ટીમ દ્વારાદરોડા પાડી અધધ..કહી શકાય તેમ 168 કરોડ કિંમતની 112 કિલો જેટલી MD મેફ્રોડ્રોન ડ્રગનો જથ્થો જપ્ત કરી દાહોદના બે વડોદરાનો એક મળી કુલ ચાર લોકોની અટકાયત કરી હતી. મેઘનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી મેઘનગર ફાર્મ કેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ગતરોજ દિલ્હીની DRI ડાયરેકટેડ રેવન્યુ ઈન્ટેલિજન્ટ ની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. ઉપરોક્ત ટીમોએ દરોડા દરમિયાન ઉપરોક્ત દવા બનાવતી કંપનીમાંથી 36 kg ડ્રગ પાઉડર 76 કિલોગ્રામ લિક્વિડ ફોર્મ માં મળી કુલ 112 kg MD મેફ્રોડોન ડ્રગનો જથ્થો જપ્ત કરી કંપનીને સીલ મારવામાં આવી હતી . સાથે સાથે કંપનીમાં હાજર વિજય ગોવિંદ સિંઘ રાઠોડ રહે. પુષ્પક બંગલા છાણી વડોદરા, રતન નેવાભાઈ નળવાયા, વૈભવ રતન નળવાયા, તેમજ રમેશ દીતીયા બસી વેરાવલી તળાવ ફળિયા મેઘનગર મળી કુલ ચાર ઈસમોને ધરપકડ કરી તેમની વિરુદ્ધ એમડીપીએસ ન્યુ એકટ 21 (c), 25,27(A), 24 મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે. ઉપરોક્ત દવાની કંપનીમાં પ્રાથમિક માહિતી અનુસાર દોઢ વર્ષ અગાઉ ગુજરાતના દીપક નામક વ્યક્તિ દ્વારા હેન્ડઓવર કરવામાં આવી હતી.જેમાં શરૂઆતમાં દવા બનાવ્યા બાદ એમડી ડ્રગનું નિર્માણ કરી વેચવામાં આવી રહ્યું હતું. પકડાયેલા ઉપરોક્ત ચારે વ્યક્તિઓ પૈકી વડોદરાનો વિજય રાઠોડ સંચાલક હોવાનું સામે આવ્યું છે.

તેમજ દાહોદ તાલુકાના નવાગામના ઉપરોક્ત બંને વ્યક્તિઓ ઓપરેટર તેમજ હેલ્પર તરીકે કામ કરતા હોવાનું બહાર આવ્યું છે. જયારે અન્ય એક પકડાયેલો મેઘનગર નો રમેશ બસી ચોકીદાર તરીકે કામ કરતો હોવાનું સામે આવ્યું છે.

ઉપરોક્ત મેઘનગર ફાર્મ કેપ પ્રાઈવેટ લિમિટેડ માં પ્રતિબંધિત 168 કરોડની એમ.ડી ડ્રગ સાથે પકડાયેલા ચારેય ઈસમોને કોર્ટમાં રજૂ કરતા સંચાલક વિજય રાઠોડના નામદાર કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા, જ્યારે પકડાયેલા અન્ય ત્રણ ઈસમોને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત દવા બનાવતી કંપનીમાં પકડાયેલા ડ્રગ ના જથ્થામાં ડીઆરઆઈની ટીમ દ્વારા ફેક્ટરીમાંથી , કેમિકલ તેમજ અન્ય મશીનરી જપ્ત કરી હતી. એટલું જ નહીં ઉપરોક્ત ઈસમો, ઈન્જેક્શન ફોર્મ, પાઉડર ફોર્મ તેમજ અન્ય એક ફોર્મ મળી કુલ 3 ફોર્મમાં MD ડ્રગ બનાવી રહ્યા હોવાનું એજન્સીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. જોકે હાલ દાહોદના પકડાયેલા બંને ઈસમો કેટલા સમયથી આ એમડી ડ્રગ્સના રેકેટમાં સંકળાયેલા છે. દાહોદ સહિતના આસપાસના વિસ્તારોમાં તેઓએ આ એમડી ડ્રગનો સપ્લાય કર્યો છે. આ તમામ બાબતો હવે એજન્સી અને પોલીસ તપાસ નો વિષય બની જવા પામેલ છે.

---

**સીંગવડ તાલુકામાં દિવાળી ટાણે હોળી**

## સસ્તા અનાજની દુકાનોમાં જથ્થો નહિ ફાળવતા હાલાકી

(પ્રતિનિધિ ) સિંગવડ,તા.15

સિંગવડ તાલુકાની રેશનીંગની દુકાનો પર પુરવઠા નો જથ્થો અડધો મહિનો પૂરો થવા આવ્યા છતાં હજુ સુધી નહીં આવતા રેશનકાર્ડ ધારકો અનાજ લેવા ધક્કા ખાવા મજબૂર સિંગવડ તાલુકાની સસ્તા ભાવની રેશનિંગ દુકાન નો પર 15 તારીખ પૂરી થઈ ગયા હોવા છતાં રેશનકાર્ડનો પુરવઠો નહીં આવતા રેશનકાર્ડ ધારકો દુકાનો પર ધક્કો ખાવા મજબૂર થયા છે જ્યારે સરકાર દ્વારા આખા મહિના સુધી દુકાનો ચાલુ રાખવા જણાવ્યા છતા આ પુરવઠો 1 થી 10 તારીખ ના આવવાના બદલે અડધો મહિનો પૂરો થવા આવ્યા છતાં હજુ સુધી પુરવઠો નહીં આવતા રેશનકાર્ડ ધારકોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે આ રેશનનીંગનો જથ્થો મહિનાના છેલ્લા દિવસોમાં આવીને પછી રેશનકાર્ડ ધારકોનો ઘસારો વધારે પડતો રહે છે જેના લીધે ઘણા રેશનકાર્ડ ધારકો અનાજના જથ્થાથી વંચિત રહી જતા હોય છે જ્યારે જો ખરેખર રેશનકાર્ડનો જથ્થો 1 થી 10 તારીખમાં આવી જાય તો રેશનકાર્ડ ધારકોને શાંતિથી પુરવઠો મળી શકે અને રેશનિંગ સંચાલક પણ શાંતિથી રેશનનો પુરવઠો આપી શકે જ્યારે રેશનકાર્ડનો જથ્થો જ મહિનાના છેલ્લા દિવસમાં આપવામાં આવે તો રેશનકાર્ડ ધારકોને ફટાફટ અનાજ નથી મળી શકતું જ્યારે ઘણા રેશનકાર્ડ ધારકો તેનાથી વંચિત રહી જતા હોય છે જ્યારે હવે તો દિવાળી તહેવાર આવવાનો હોય અનાજનો જથ્થો સમસયસર મળે તો લોકોને ખૂબ જ રાહત થાય તેમ છે.

---

**અનિયમિત ભાડું ભરતા અંદાજિત 7 લાખ ભાડું બાકી સર્વેમાં અન્ય 6 જણનું દુકાનો ભાડે આપ્યાનું સામે આવ્યું**

## સંજેલી પંચાયતે બેરોજગાર લોકોને રોજગારી ધંધા માટે આપેલી અંદાજિત 140 દુકાનોનો સર્વે કરાયો

(પ્રતિનિધિ ) સંજેલી,તા.15

સંજેલી પંચાયતની બેદરકારીને કારણે ઠેર ઠેર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. પંચાયત પાસે સત્તા હોવા છતાં કોઈ જાતની કાર્યવાહી કરવામાં નિષ્ફળ નીવડી રહ્યું છે. પંચાયતના રેકર્ડ પર 147 જેટલી દુકાનો ફાળવેલી પરંતુ સ્થળ પર તો 200 થી વધુ દુકાનો જોવાઈ રહે છે. સંજેલી ગ્રામ પંચાયતમાં સુવિધાઓ અને કર્મચારીઓનો પગાર ભથું નીકળી રહે તેમ જ બેરોજગાર લોકો પણ ધંધા રોજગાર કરી પોતાનું ગુજરાત ચલાવી શકે તે માટે ગ્રામ પંચાયત દ્વારા 811 રૂપિયાના માસિક ભાડે ધંધા રોજગાર માટે દુકાનો તેમજ



જમીનો ફાળવવામાં આવી હતી. મોટાભાગના દુકાનદારો અનિયમિત વેરો અને ભાડુ ભરે છે પંચાયત દ્વારા ફાળવેલી આ દુકાનો તાલુકા જિલ્લા તેમજ રાજ્ય બહારના પરપ્રાતિય લોકોને ઊંચા ભાડે આપી અને ભાડું વસુલતા હોય છે. આ બાબતને લઈને અગાઉ જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાઈ હતી. TDO ની અધ્યક્ષ સ્થાને યોજાલી ગ્રામસભામાં આવી દુકાનો જપ્ત કરી અને તેની સામે કાર્યવાહી કરાય તેમજ દબાણ ખુલ્લા કરાય તે માટે લોકોએ ધારદાર રજૂઆત કરી હતી. જે દબાણ દૂર કરવા માટે પંચાયતે ઠરાવ પણ કર્યો હતો.

પંચાયતના રેકર્ડ પર 147 દુકાનોનું અંદાજિત સાત લાખ જેટલું ભાડું બાકી હોવાથી સંજેલી સરપંચ મનાભાઈ ચારેલ અને 2 તલાટી પંચાયતના કર્મચારી મળી કુલ ચાર જણ ની ટીમ બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પંચાયતની દુકાનો પોતે જ બેસી ધંધો રોજગાર કરે છે અને પંચાયતમાં સમયસર વેરો ભરે છે કે કેમ તે બાબતને દુકાને જઈ અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી 147 માંથી 47 જેટલી દુકાનો નુ સર્વે થયું જેમાં પંચાયતે ફાળવેલી દુકાનો દુકાનદારે અન્યને ભાડે આપી હોવાનું સર્વેમાં છ દુકાનો સામે આવી જેથી ભાડે આપનાર અને વેરો ના ભરનાર દુકાનદારો સામે કોઈ કાર્યવાહી થશે ? કે પછી ભીનું સંકેલાઈ જશે? તેવી લોકોમાં ચર્ચા ઉઠી છે.

---

**સિંગવડ તાલુકામાં નલ સે જલ યોજના નિષ્ફળ**

## સીંગવડના કેટલાય ફળિયામાં પીવાના પાણીની સમસ્યા યથાવત

(પ્રતિનિધિ ) સિંગવડ,તા.15

સિંગવડ તાલુકાના સિંગવડ નગરના નલ સે જલ યોજના માટે કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા લોકોના ઘરે-ઘરે પાણી પહોંચાડવા માટે કટિબંધ છે ત્યારે સિંગવડ નગરના બિલવાળ ફળિયામાં જે નલ સેજલ યોજનાના પાણી મળવા જોઈએ તે મળ્યા જ નથી જેને લીધે ત્યાંના લોકોને હેડ પંપ કે કુવાનો સહારો લઈને પોતાના પાણી ની વ્યવસ્થા કરવી પડતી હોય છે જ્યારે આ ફળિયામાં એક 60 હજાર લિટરની ટાંકી પણ બનાવવામાં આવી છે પરંતુ આ ટાંકી માંથી પાણી એક જ વખત ચાલુ કરવામાં આવ્યું હતું તેના લીધે ત્યાં ની નલ શે જળ યોજના ની પાઈપો ફાટી જતા પાઈપોને રીપેરીંગ કરવામાં નહીં આવતા



બિલવાળ ફળિયાના લોકોને નલ શે જળ યોજના ના લાભથી વંચિત રહ્યા છે જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા પાણી લોકોના ઘરે ઘરે પહોંચાડવા કટિબંધ હોવા છતાં આજ ફળિયાના ઘરોમાં પાણી પહોંચ્યા જ નથી જ્યારે નલ સે જલ યોજના ના કોન્ટ્રાક્ટરો દ્વારા પાણીની પાઈપ લાઈનો નાખી તે બિલકુલ તકલાદી નાખતા તેનામાં વેઠ ઉતારી હોય તેમ લોકોમાં ચર્ચા નો વિષય બનવા પામ્યો છે જ્યારે નલ સે જલ યોજનાના પાણી નથી પહોંચ્યા તેવી વારંવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી આ ફળિયામાં પાણી પહોંચ્યુ જ નથી જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા નલ સે જલ યોજના માં પણ પાઈપલાઈનનો બોગસ નાખવાથી આ પાણી લોકોના ઘરો સુધી નળ શે જળ યોજના ના પાણી પહોંચ્યા જ નથી જ્યારે સરકાર દ્વારા જ્યાં દેખો ત્યાં યોજનાના પાણી ઘરે-ઘરે પહોંચી ગયા તેની વાતો કરે છે ત્યારે આ સિંગવડ નગરના બીલવાળ ફળિયામાં હજુ સુધી પાણી કેમ નથી પહોંચ્યું તે લોકોમાં ચર્ચા ચાલી રહી છે અને લોકો નલ સેજલ યોજનાના પાણીથી વંચિત રહ્યા છે શું તેમને પાણી મળશે ખરું તે એક સવાલ ઉભો થયો છે

---

### ફતેપુરા તાલુકાના માધવા તથા ઝાલોદના ઘોડિયા ગામે વાગ્ધારા સંસ્થાના સહયોગથી રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસની ઉજવણી



**સુખસર :** 15 ઓક્ટોબર 2024 ના રોજ વાગ્ધારા સંસ્થા દ્વારા ફતેપુરા તાલુકાના માધવા અને ઝાલોદ તાલુકાના ઘોડીયા ગામમાં રાષ્ટ્રીય મહિલા કિસાન દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.વાગધારા સંસ્થાના પ્રતિનિધિ બાબુભાઈ ચૌધરી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,ભારતમાં આદિવાસી મહિલા ખેડૂતો માત્ર તેમના પરિવારની આજીવિકાને જ ટેકો આપતા નથી, તેઓ કૃષિ અને પરંપરાગત જ્ઞાનની જાળવણીમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આદિવાસી ખેડૂત મહિલાઓ પરંપરાગત પાક ઉગાડવામાં નિષ્ણાત છે.સ્થાનિક આબોહવા અને જમીન અનુસાર પાક પસંદ કરે છે.જે ખેતીને ટકાઉ બનાવવામાં મદદ કરે છે.

---

## દેવગઢબારીયાના દેગાવાડા બે બાઈકો અથડાતા બે યુવકોના મોત

(પ્રતિનિધિ ) દાહોદ,તા.15

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના દેગાવાડા ગામે બે મોટરસાઈકલો સામસામે ધડાકાભેર અથડાતા એક મોટરસાઈકલ પર સવાર બે યુવકોના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી જ્યારે સામેની મોટરસાઈકલ પર સવાર એક વ્યક્તિને શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે. ગત તા.૧૩મી ઓક્ટોમ્બરના રોજ રાત્રીના દશ વાગ્યાના આસપાસ દેવગઢ બારીઆના દેગાવાડા ગામે ચોરા ફળિયામાં રહેતાં તુષારભાઈ તથા તેમની સાથે ઉપેન્દ્રભાઈ શનાભાઈ બારીયા આ બંન્ને યુવકો એક મોટરસાઈકલ પર સવાર થઈ દેવગઢ બારીઆના દેગાવાડા ગામે ત્રણ રસ્તા પરથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે સામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા અન્ય એક મોટરસાઈકલના ચાલકે તુષારભાઈની મોટરસાઈકલને સામેથી ધડાકાભેર ટક્કર મારતાં તુષારભાઈ તથા તેમની સાથેના ઉપેન્દ્રભાઈ બંન્ને મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં.

તુષારભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળ પર કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું જ્યારે ઉપેન્દ્રભાઈને તેમજ સામેની મોટરસાઈકલ પર સવાર અન્ય એક યુવકને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં બંન્નેને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવાતાં જ્યાં સારવાર દરમ્યાન ઉપેન્દ્રભાઈનું મોત નીપજ્યું હતું. બંન્ને યુવકોના મોતને પગલે તહેવાર ટાણે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે ભોપતભાઈ વજેસીંગભાઈ બારીઆએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

**પંચાયત મંત્રી બુચભાઈ ખાબડના વિસ્તારમા કૌભાંડથી ખળભળાટ મચી ગયો**

## દે.બારીઆ મનરેગા શાખાના ટેક્નિકલ આસિસ્ટન્ટ અને ગ્રામ રોજગાર સેવકે લાખ્ખોનો ભ્રષ્ટાચાર આચરતા ફરજ મુક્ત કરાયા

(પ્રતિનિધિ ) દાહોદ,તા.15

દાહોદ જીલ્લાની દેવગઢ બારીઆ તાલુકા પંચાયતની મનરેગા શાખાના કર્મચારીઓએ લવારીયા ગામે માત્ર કાગળ પર કામો બતાવી લાખ્ખો રુપિયાનો ભ્રષ્ટાચાર આચરતા હોવાની રજુઆત મળતા જીલ્લા વિકાસ અધિકારીએ નિષ્પક્ષ તપાસ કરાવતા લાખ્ખો રૂપિયાનુ કૌભાંડ બહાર આવતા મનરેગા શાખાના ટેક્નિકલ આસિસ્ટન્ટ અને ગ્રામ રોજગાર સેવકને તાત્કાલિક અસરથી નોકરી પરથી કાયમી છુટા કરવાનો જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટરે હુકમ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દાહોદ જીલ્લામા એક બાદ એક કૌભાંડો બહાર આવી રહ્ય છે, નકલી કચેરીથી શરૂઆત થયેલ કૌભાંડનો સિલસીલો થંભી જ નથી રહ્યો, નકલી કર્મચારીઓ, નકલી એનએના હુકમ કાંડની તપાસ હજી ચાલી જ રહી છે, તેવા સમયે હવે દેવગઢ બારીઆ તાલુકા પંચાયતની મનરેગા શાખા ભ્રષ્ટાચારની ઘટના સામે આવી છે, જેમાં લવારીયા ગામમા મનરેગા શાખાના ટેક્નિકલ આસિસ્ટન્ટ અને ગ્રામ રોજગાર સેવક દ્વારા 21 કામો માત્ર કાગળ પર બતાવી રૂપીયા 18.41 લાખની ચુકવણી કરી દેવાની ઘટના પ્રકાશમા આવી હતી, લાખ્ખો રૂપિયાના કૌભાંડમા સરકારી તંત્રએ 2 કરાર આધારિત કર્મચારીઓને નોકરી પરથી છુટા કર્યા છે. છેલ્લા એક વર્ષ ઉપરાંતથી ભ્રષ્ટાચાર મામલે દાહોદ જીલ્લો સમગ્ર ગુજરાત રાજ્યમાં ચર્ચાના કેન્દ્રમા આવ્યો છે. તેમાંયે નકલી કચેરીઓ મારફતે સરકારી ગ્રાન્ટના 25 કરોડ રૂપિયા ચાંઉ કરી લેવાયા તેમજ નકલી એનએ હુકમો દ્વારા જમીન બિનખેતી કરી સરકારના કરોડો રૃપિયાના પ્રિમિયમની ચોરી કરવાના કૌભાંડ બાદ આખુયે તંત્ર વગોવાઈ ગયુ છે.